જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૭૫૭૫૦ ૦૬૮૫૦

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૪ । રવિવાર । તા. ૨૧-૧૦-૨૦૧૮ । વર્ષ : ૧૫ । અંક : ૧૦ । પાના : ૦૪ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

પાલ ગામ હિન્દુ સાર્વજનિક ટ્રસ્ટની જમીન શરતભંગ થઇ હોવા છતાં સરકારશ્રી ન થવાના કારણો શું ?

રાજકારણી અને મોટા નેતાઓ સાથે સંબંધ ધરાવતા રાજહંસ ગૃપના બિલ્ડરો આ જમીન પર મોટા પ્રોજેક્ટ બનાવી રહ્યા હોય સરકારી અધિકારીઓ કાર્યવાહી કરતા ડરે છે ? કે પછી અધિકારીઓના ઘર પણ આ બિલ્ડરને ત્યાંથી આવતા વહીવટથી જ ચાલે છે ?





ગરીબો અને ખેતમજૂરના ઘરથાળની પાલ ગામ હિન્દુ સાર્વજનિક ટ્રસ્ટની જમીન જો સરકારશ્રી થાય તો તસવીરમાં દેખાતા આ પ્રોજેક્ટ પર બનેલા મકાન ગરીબો અને ખેતમજૂરોને ફાળવાશે ? કે પછી ડીમોલીશન કરાશે ?

સુરત

સુરતના નામચીન રાજહંસ ગૃપના બિલ્ડર રાજકારણીઓ-મંત્રીઓ સાથે ગાઢ સંબંધો ધરાવે છે જેને કારણે ગરીબ વર્ગના લોકોની ઘરથાળની પાલ ગામ હિન્દુ સાર્વજનિક ટ્રસ્ટની જમીન ખોટી રીતે પડાવી લીધી છે. જે જમીનમાં ઘણા વિવાદો પણ સર્જાયા હતા. તેમ છતાં બધા વિવાદોનો વહીવટો દ્વારા નિકાલ કરી દેવામાં આવ્યો છે. આ કારણે હાલ મસ મોટા હાઈરાઈઝ ઉભા કરી દેવામાં આવ્યા છે. અને ટીડીઓના ભ્રષ્ટ અધિકારીઓ દ્વારા પ્રોજેક્ટોને મંજૂરી મળી રહી છે.

મળેલ માહિતી મુજબ પાલ ગામ હિન્દુ સાર્વજનિક ટ્રસ્ટની જમીન જે મોજે પાલ સર્વ નં. ૩૬૧+૪૧૬ નો બ્લોક નં. ૩૪૩ની ૮૮૨૨૨ ચો.મી. વાળી જમીન ટી.પી. સ્કીમ નં. ૧૪ પાલના ફા. પ્લોટ (૧) એફ.પી.નં. ૬૭, ક્ષે. ૨૧૨૦૧ ચો.મીટર (૨) એફ.પી. નં. ૬૮, ક્ષે,-૩૮૮૫૬ ચો.મી (૩) એફ.પી. નં ૬૯, ક્ષે. ૮૭૪૭ ચો.મી. વાળી જુની શરતની જમીન સંયુક્ત ચેરીટી કમિશ્નર કચેરીમાં વેચાણ માટે માંગણી કરાવેલ હતી. જે માગણી શ્રી પાલ નગર કો.ઓ.હા. સોસાયટીના ખોટી રીતે ઉભા થયેલ પ્રમોટરોએ ૯૮ રો હાઉસ મકાનો તથા ઓછી આવકવાળા ઈસમો માટે મકાનો બનાવનાર છે તેવુ કહી ચેરીટી કમિશ્નર શ્રી વડોદરાના તા. ૨૪-૬-૮૧ના હુકમથી ભીખ માગી પ્રાપ્ત કરેલ જમીન છે. પણ તે સમયે આ બની બેઠેલ મોટા બિલ્ડરો પાસે દસ્તાવેજના પણ રૂપિયા હતા નહી જે કારણથી તા. ૨૪-૦૬-૮૧ના રોજ કરેલ હુકમ આપો આપ રદ્દ થયેલ હતો. ત્યાર બાદ વીસ વર્ષ પછી પાછી આ જમીનની કિંમત વધતા બિલ્ડરોની નીયત ખરાબ થઈ હતી. જે કારણથી આ જમીનના ૧૯૮૧ના



ચુકાદાને લઈ વિવાદો ઉભા કરી જે તે કચેરીના અધિકારીઓને રિશ્વત આપી ૨૪-૧૦-૨૦૦૩ના રોજ દસ્તાવેજની પરવાનગી લઈ આવેલ હતા. જે મંજુરી મળેલના એક માસમાં દસ્તાવેજ કરી લેવાના હતા. પણ ત્યારે પણ આ દસ્તાવેજ કરાયેલ ન હતા. જેથી હાલ પણ આ પાલ ગામની જમીનના બ્લોક નં. ૩૪૩ વાળી ૭/૧૨ની નકલમાં પડેલ દસ્તાવેજની એન્ટ્રી નં. ૫૩૪૭, ૫૪૦૩, ૫૪૯૭ તમામ ખોટી રીતે કરેલ દસ્તાવેજ છે જેથી રદ્દ થયેલ ગણાય. જેથી પછી તમામ થયેલ દસ્તાવેજો પણ ખોટા અને સરકારી કચેરીના મેળાપીપણામાં થયેલ છે અને હાલ પણ જમીનની ૭/૧૨માં ખોટી ખોટી એન્ટ્રીઓ પડી રહેલ છે. જેથી સુરત શહેરના કલેક્ટર સાહેબશ્રીને આ ગરીબોના નામથી માંગણી કરેલ જમીન જે બિલ્ડરો પચાવીને બેઠેલા છે તે જમીનની મૂળ સુધી તપાસ કરી સત્ય હકીકત બહાર લાવી આ તમામ ગેરકાયદે પ્રોજેક્ટો બંધ કરાવી કલેક્ટરશ્રી પાસે પાલ ગામના ગરીબોને તેમનો હક્ક અપાવે તેવી સ્થાનિક ગરીબોને આશા છે.

બ્લોક નં. ૩૪૩ વાળી જે જમીનમાં ગામના દફતરે પડેલી નોંધ નં. ૫૩૪૫માં જણાવેલ છે કે જીલ્લા રજીસ્ટ્રાર શ્રી સરકારી મંડળીઓને સુરતની કચેરીમાં નોંધણી ક્રમાંક નં. ઘ-૨૦૦૮૫ ૨૦૦૧ તા. ૩૦૫-૨૦૦૧થી નોંધાયેલ છે. શ્રી પાલ નગર કો.ઓ.હા. સો. લિ. સોસાયટીના સભ્યો માટે રો હાઉસ તેમજ ઓછી આવક વાળા ઈસમો માટે મકાન બનાવનાર છે. જેથી માલિક સંસ્થા બિનખેડૂત હોવાથી ગણોતધારા કલમ ૬૩ હેઠળ નિયમોને આધીન વેચાણ પરવાનગી મળી હતી. તેમ છતાં આજ દિન સુધી તમામ સરકારી કર્મચારીઓને આ નિયમો દેખાયા હોવા છતાં આંખે પાટા બાંધી મસમોટા વહીવટો લઈ મોટા મોટા પ્રોજેક્ટોને મંજૂરી આપેલ છે. તો શરત ભંગ થયેલ જમીન સરકારશ્રી કરવા કલેક્ટર સાહેબ કોની રાહ જોઈ રહ્યા છે ?

મોરબી : ત્રણ વર્ષ પૂર્વે થયેલી હત્યામાં પુરાવાના અભાવે ચાર આરોપીનો નિર્દોષ છુટકારો !

પ્રેમ પ્રકરણમાં થયેલી હત્યાના ચાર આરોપીઓ નિર્દોષ છૂટ્યા

મોરબીની સિરામિક ફેકટરીમાં ત્રણ વર્ષ પૂર્વે પ્રેમ પ્રકરણમાં યુવાનનું ઢીમ ઢાળી દેવાયું હોય જે બનાવ મામલે ચાર આરોપી સામે કોર્ટમાં કેસ ચાલી જતા કોર્ટે તમામ ચાર આરોપીનો નિર્દોષ છુટકારો કર્યો છે

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ફરિયાદી સોબત સુરતાનભાઈ મછરીયાએ ફરિયાદ નોંધાવી હાતી કે તા. ૨૪-૦૯૦૨૦૧૫ ના રોજ ફરિયાદીના ભત્રીજા સુરેશ ઉર્ફે સુરિયાને આરોપીની દીકરી સાથે પ્રેમ પ્રકરણ બાબતે થયેલ ઝઘડાની અદાવત રાખી ફરિયાદીના ભાઈ જગવાનભાઈ સુરતાનભાઈ મછરીયાને તીક્ષ્ણ હથિયાર અને બોથડ પદાર્થ ઝીકી હત્યા નીપજાવી હોય જે મામલે આરોપી હાબુ ઉર્ફે રમેશ જોરસિંગ, કુંદન બાઈસિંગ, મગન ઉર્ફે કારીયા જેતુભાઈ અને તોપસિંગ બીલામ આદિવાસી રહે બધા હાલ મોરબી સનોરા સિરામિક વાળાની પોલીસે અટકાયત કરી હતી અને હત્યા અંગેનો કેસ મોરબી ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટમાં ચાલી જતા આરોપી પક્ષના વકીલે દલીલો કરી હતી જેમાં સ્વતંત્ર કહી સકાય તેવા પંચ સાહેદોએ બનાવની હકીકતને સમર્થન આપ્યું નથી અને ફરિયાદ પક્ષે જોનાર સાક્ષી રજુ થયેલ નથી

તેમજ મરણ જનાર સુરેશને આરોપી તોપસીગ બીલામની બહેન ભુરીબેન સાથે એક તરફી પ્રેમ સંબંધ હતો મરણ જનાર અને તોપસિંગ વચ્ચે ઝઘડો થયો તે પુરવાર થયું નથી અને ફરિયાદ પક્ષે કુલ છ આરોપીના નામ શકમંદ તરીકે આપેલ જયારે તહોમતદારો તરીકે કુલ ચાર આરોપીના નામો દર્શાવવામાં આવ્યા છે જેથી ફરિયાદી પક્ષ મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી તહોમતદાર વિરુદ્ધ પોતાનો કેશ સાબિત કરવામાં નિષ્ફળ ગયા છે અને સુપ્રીમ કોર્ટના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કર્યો છે કે નિર્દોષને સજા થવી જોઈએ નહિ નિર્દોષને સજા કરવાથી ન્યાયતંત્ર પરથી ભરોસો ઉઠી જાય છે અને સમાજમાં વિપરીત અસર પડે છે જે તમામ દલીલોને ધ્યાને લઈને કોર્ટે તમામ આરોપીને પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો છે આ કેસમાં આરોપી તરફે મોરબી જીલ્લાના સીનીયર એડવોકેટ દિલીપભાઈ અગેચણીયા, જીતેનભાઈ અગેચણીયા, રમેશ ચાવડા, નર્મદાબેન ગડેશીયા, સુનીલ માલકિયા, જે ડી સોલંકી અને વિવેક કે વરસડા રોકાયેલ હતા

રાજપીપળા એસ ટી ડેપો ની પારસલ ઓફિસમાં પેઈડ પાર્શલ ના બંડલો પર વધારાનો ચાર્જ વસૂલાય છે..?! સત્તાધીશો અજાણ ...!!

અન્ય શહેર માંથી પુરા રૂપિયા ભરી મોકલેલા પારસલ પર હમાલી ચાર્જ ના નામે વધારા ના દસ રૂપિયા ઉઘરાવી એની કોઈ રસીદ પણ ન અપાતા લોકો માં મૂંઝવણમાં

રાજપીપળા : રાજપીપળા એસ ટી ડેપો એ નર્મદા જિલ્લા નો મુખ્ય ડેો છે છં ઘણી સમયસ્યાઓ છે જે પૈકી હાલ ડેપો ની પાર્શલ ઓફિસ ના કર્મચારીઓ દ્વારા બહાર થી આવતા પર્શલ પર ખોટી રીતના પૈસા ઉઘરાવતા હોવાની બૂમ સાંભળવા મળી છે ત્યારે જાણવા મળ્યાં મુજબ રાજપીપળા ના એક યુવાન ને સુરેન્દ્રનગર અને ત્યારબાદ ભરૂચ શહેર માંથી સમયાંતરે બે અલગ અલગ પાર્શલો આવ્યા જેમાં ત્યાંથી મોકલનાર વ્યક્તિ એ એસ ટી પાર્શલ ના નિયમ મુજબ બંડલ ના પુરા રૂપિયા ત્યાંથી ચૂકવી મોકલ્યા હતા પરંતુ જયારે એ પાર્શલ રાજપીપળા પાર્શલ ઓફિસ પર આવ્યા અને લેનાર વ્યક્તિ એ લેવા ગયા ત્યારે એમની પાસે એક પાર્શલ દીઠ દસ રૂપિયા માંગવા માં આવતા પૂછતાં ત્યાંના કર્મચારી એ હમાલી ચાર્જ ના વધુ દસ રૂપિયા નું જણાવી આ પૈસા લીધા બાદ કોઈ રસીદ પણ ના આપતા લેનાર વ્યક્તિ એ આ માટે રસીદ કેવા માથાકૂટ કરી પરંતુ કોઈ જવાબ ન મળ્યો જેથી આખરે એ વ્યક્તિ વધારા ના દસ રૂપિયા આપી પાર્શલ લઈ જવા મજબુર થયો હતો

હું આ બાબતે તપાસ કરી કેમ અને કોણે રૂપિયા લીધા છે એ માહિતી મેળવીશ

રાજપીપળા ડેપો મૅનેજર એન એમ કલ્યાણી એ જણાવ્યું કે બીજા શહેર નથી મોકલેલા પાર્શલ ના પૈસા ત્યાંથી ચૂકવ્યા હોય તો અહી વધારાના પૈસા કેમ અને કોને લીધા એ હું તપાસ કરી જરૂરી પગલાં લઈશ

સ્ટેચ્યુ ઓફ યુનિટીનાં લોકાર્પણને લઈને નર્મદા વહીવટીતંત્ર બન્યું ગંભીર

આગામી ૩૧ ઓક્ટોમ્બર સુધી જિલ્લામાં ૧૪૪ની કલમ લગાવી

સભા સરઘસ પર પ્રતિબંધ.૪ થી વધુ વ્યક્તિના ભેગા થવા પર પ્રતિબંધ ફરમાવ્યો, જિલ્લામાં હથિયારબંધી ફરમાવી.

રાજપીપળા : નર્મદા જિલ્લા માં વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી નું લોકાર્પણ કાર્યક્રમ ભવ્ય તી ભવ્ય યોજાશે જેમાં કોઈ વિરોધ ઉભો ના થાય એ માટે નર્મદા વહીવટીતંત્ર બન્યું ગંભીરબની આગામી ૩૧ ઓક્ટોમ્બર સુધી જિલ્લામાં ૧૪૪ની કલમ લગાવી જિલ્લા કલેકટરે પોતાના સત્તાના રૂએ જાહેરનામું પડ્યું છે, જેમાં સભા સરઘસ પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે, સાથે ૪ થી વધુ વ્યક્તિના ભેગા થવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. જિલ્લામાં હથિયારબંધી ફરમાવી શસ્ત્રોનું પ્રદર્શન કરવા પર રોક.સ્ફોટક પદાર્થ પથ્થરો ફેંકવા પર પણ પ્રતિબંધ ફરમાવ્યો છે. આ સાથે જિલ્લામાં પૂતળા બાળવા તથા સુરુચી ભંગ થાય તેવા સૂત્રો પોકારવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે, જેની પાછળ મહત્વનું છે કે આદિવાસી સમાજ દ્વારા આદિવસી પટ્ટી પર બંધનું એલાન છે સાથે આગાઉ કોઈ બીજી પ્રવૃત્તિ ના થાય અને સંભવિત વિરોધ પ્રદર્શન ઠારવા માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે જાહેરનામા બહાર પાડ્યા.છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા આવનાર પ્રવાસીઓ માટે રાજપીપલા માં એરસ્ટ્રીપ વિકસાવવા રાજ્ય સરકારની કવાયત : પ્રવાસન સચિવે લીધી સ્થળ મુલાકાત



રાજ્યના નાગરિક ઉડ્ડયન વિભાગના ના સિવિલ એરીયેશન વિભાગની ટિમ અને પ્રવાસના વિભાગના સચિવે લીધી એરોડ્રામ ની મુલાકાત
૧૨૫ એકરમાં બનશે રાજપીપળામાં બનશે એરપોર્ટ : રનવે કેટલો લાંબો બનેછે જે જોઈ લોન્ગ ફ્લાઈટો દોડશે ચાંદોદ થી સીધી રેલવે લાઈન પણ બનાવવા સર્વે કરવામાં આવ્યો છે,

રાજપીપળા : વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું આગામી ૩૧ મી ઓક્ટોબરના લોકાર્પણ કરવામાં આવી રહ્યું છે ત્યારે દેશ વિદેશમાં થી ૧૫૦૦૦ પ્રવાસીઓ રોજના આવે એવી સરકારની તૈયારી છે માટે અહીંયા પ્રવાસીઓ આવે એ માટે ફોર લેન રસ્તાથી કેવડિયાને જોડવામાં આવ્યું છે, બીજીબાજુ ચાંદોદ થી સીધી રેલવે લાઈન પણ બનાવવા સર્વે કરવામાં આવ્યો છે, હવે હવાઈ મુસાફરી કરી આવતા પ્રવાસીઓ માટે જિલ્લામાં એર ટ્રીપ વિકસાવવી જરૂરી બન્યું છે જેમાંટે આગાઉ રાજ્યના પૂર્વ રાજ્ય વન મંત્રી શબ્દસરણ તડવી એ રજૂઆત કરી જેમાં રાજ્ય સરારી મૂંરી મળી એ કેન્દ્ર સરકાર ની પણ લીલી ઝંડી મળી ગઈ છે જેથી હવાઈ કેન્દ્રીય ઉડ્ડિયાન મંત્રાલય ની સૂચના અને રાજ્ય નાગરિક ઉડ્ડયન મંત્રાલય ની સિવિલ વિભાગની ટીમે રાજપીપલા ખાતે જગ્યા માટે જરૂરી બેઠક પ્રભારી સચિવ સાથે કરી ને જગ્યાનું નિરીક્ષણ પણ કર્યું હતું।. જેમાં પ્રવાસન વિભાગના પ્રભારી સચિવ જે.એચ.હૈદર, સિવિલ એવિયેશન ઓફ સ્ટેટ ના કેપ્ટન અજય ચૌહાણ, જિલ્લા કલેક્ટર આર.એસ.નિનામા, ડીડીઓ જીન્સી વિલિયમ્સ, સીટી સર્વે આધિકારી ગૌરાંગ શાહ, ખેતીવાડી અધિકારી નિલેશ ભટ્ટ સહીત ના અધિકારીઓ હાજર રહ્યા હતા.

આબાબતે વાસન વિભાગના પ્રભારી સચિવ જે.એચ.હૈદરે જણાવ્યું હતું કે સ્ટેચ્યુ ઓફ યુનિટીને લઈને પ્રવાસીઓ માટે સુવિધા ઉભી કરવા એર ટ્રીપ બનાવવા માં આવશે જ્યાં ૧ થી ૨ કલાક ની હવાઈ કરી શકાય એવી ટ્રીપો બનાવશે આજે ઉડ્યન વિભાગના ઈજનેરો એ મુલાકાત લીધી જગ્યા જોઈ ખુબ વિશાળ જગ્યા છે જેટલો રનવે મળે છે એટલું એરપોર્ટ મોટું અને આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ ઉતરે એવા પ્રયાસો રહેશે હાલ રાજ્ય સરકારે કેન્દ્રમાં ફાઈલ મોકલી છે જે કેન્દ્રની પણ મંજૂરી મળી છે ત્યારે આ જગ્યા નો સર્વે થઈ ટેન્ડરિંગ પ્રક્રિયા થશે અને કામગીરી કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાશે.

મોરબી તાલુકાના કાર્યબોજનું વિભાજન કરી મોરબી સીટી તાલુકો બનાવવા માંગ

ધારાસભ્ય બ્રિજેશ મેરજાએ કરી મુખ્યમંત્રીને રજુઆત

મોરબી તાલુકાના કાર્યભારને ધ્યાને લઈને નવો મોરબી સીટી તાલુકો ઉભો કરી કામનું વિભાજન કરવામાં આવે તેવી માંગ ધારાસભ્ય દ્વારા મુખ્યમંત્રી સમક્ષ કરવામાં આવી છે

મોરબીના ધારાસભ્ય બ્રિજેશભાઈ મેરજાએ મુખ્યમંત્રીને કરેલી રજુઆતમાં જણાવ્યું છે કે મોરબી તાલુકો એ સમગ્ર રાજ્યનો અવ્વલ નંબરનો ૧૧૦ થી વધુ ગામોનું કાર્યભારણ ધરાવતો તાલુકો છે મોરબી તાલુકાના મહેસુલી સહિતના તમામ રોજબરોજના કામો માટે અરજદારોને મામલતદાર કચેરીએ અનેક ધક્કા થાય છે મોરબી તાલુકાના હાલના સેટઅપ મુજબ કર્મચારીઓ અને ખાલી જગ્યાઓને લીધે અરજદારોના કામોમાં વિલંબિત થાય છે સમયમર્યાદાના કામોનો સમયસર નિકાલ ના આવવાથી લોકોને મુશ્કેલી પડે છે જે સ્થિતિ નિવારવા માટે મોરબી તાલુકા કાર્યબોજનું વિભાજન કરી મોરબી શહેરના નજીકના વિસ્તારને આવરી લેતા મોરબી સીટી તાલુકા બનાવવો અનિવાર્ય છે

જે બાબતે ધારાસભ્ય બ્રિજેશ મેરજાએ પૂરતી વિગતો ટાંકીને મોરબી વિસ્તારના કૂદકે ને ભૂસકે થઈ રહેલા ઔદ્યોગિક વિકાસને ધ્યાને લઈ રાજ્યના મહેસુલી તંત્ર સમક્ષ અગાઉ રજુઆત કરેલી ત્યારે હવે સમય પાકી ગયો છે કે મોરબી તાલુકાની પ્રજાના મહેસુલી કામો, ગરીબોને મળવાપાત્ર સહાયના કામો ઉપરાંત જરૂરી દાખલાઓ અને પ્રમાણપત્રો સમયસર મળી રહે તે માટે પૂરતા સેટઅપ સાથેનો નવો મોરબી સીટી તાલુકો ઉભો કરી પ્રજાની સમસ્યાનું સમયસર નિરાકરણ લાવવાની માંગ કરી છે

ખબરદાર..!! મોબાઈલમાં જો ચાઈલ્ડ પોર્નોગ્રાફી કન્ટેન્ટ મળશે તો થશે ૫ વર્ષની જેલ

ભોપાલ

જો તમારા મોબાઈલ ફોન, લેપટોપ કે કમ્પ્યૂટરમાં ચાઈલ્ડ પોર્નોગ્રાફી સાથે સંકળાયેલ કન્ટેન્ટ મળશે તો પાંચ વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે. આઈટી એકટની કલમ ૬૭(બી)માં આ જોગવાઈ વર્ષ ૨૦૦૦થી છે, પરંતુ ગૃહ મંત્રાલય દ્વારા લોન્ચ કરવામાં આવેલ પોર્ટલથી તે હવે અમલી બની ગઈ છે.

cybercrime.gov.in નામથી શરૂ થયેલા આ પોર્ટલ પર ચાઈલ્ડ પોર્નોગ્રાફી, રેપ કે ગેંગ રેપ સાથે સંકળાયેલ કન્ટેન્ટ સોશિયલ મીડિયા પર શેર કરનાર વિરુદ્ધ ફરિયાદ કરી શકાશે. તેનો હેતુ આ પ્રકારના વીડિયો અને તસવીરો પર રોક લગાવવાનો છે, કારણ કે એવું માનવામાં આવી રહ્યું છે કે આ તસવીરો અને વીડિયો જોઈને બાળકોમાં અપરાધો વધી રહ્યા છે.

સપ્ટેમ્બરમાં લોન્ચ થયેલા આ પોર્ટલમાં ફરિયાદની માત્ર બે જ કેટેગરી છે. અત્યાર સુધી ૩૪ ફરિયાદ આવી છે, પરંતુ એક પણ કેટેગરીમાં તે ફિટ થતી નથી. વાસ્તવમાં ગૃહ મંત્રાલયે સાયબર ક્રાઈમ પ્રિવેન્શન ફોર વિમેન એન્ડ ચાઈલ્ડ (સીસીપીડબ્લ્યુસી) હેઠળ મધ્યપ્રદેશ સાયબર સેલને નોડલ એજન્સી બનાવવામાં આવી છે.

બાળકો અને મહિલાઓ વિરુદ્ધ થઈ રહેલા સાયબર ક્રાઈમને રોકવાના ઈરાદાથી તેના હેઠળ સાયબર સેલને ટ્રેનિંગ પ્રોગ્રામ કરવાના છે. પોલીસ અને એડીપીઓને ટ્રેનિંગ પણ આપવામાં આવી ચૂકી છે. પોર્ટલ ખોલતાં જ ઓળખ છુપાવીને અથવા દર્શાવીને ફરિયાદ કરવાનાં બે વિકલ્પ આવશે. ઓળખ છુપાવીને ફરિયાદ કરવા પર આગળનું સ્ટેટસ જાણવા મળશે નહીં. ચાઈલ્ડ પોર્નોગ્રાફી અને રેપ કે ગેંગ રેપની કેટેગરી ભર્યા બાદ નામ-સરનામું બતાવવું પડશે જે ગુપ્ત રહેશે. જે વ્યક્તિ, મોબાઈલ નંબર અથવા યુનિટ રિસોર્સ લોકેટર વિરુદ્ધ ફરિયાદ કરવાની છે તેની માહિતી આપવી પડશે. તમે જે રાજ્યમાંથી હશો તેની નોડલ એજન્સીને તમારી ફરિયાદ મોકલી આપવામાં આવશે. ફરિયાદ વેરિફાય કર્યા બાદ સંબંધિત એજન્સી આરોપીઓ વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરશે.

નર્મદા જિલ્લામાં રેતી, માટી,ગ્રેવલ, બ્લેક ટ્રેપ સહિતની ખનીજ સંપત્તિની ની મોટાપાયે ચોરી તંત્ર કેમ મૌન : મહેશ વસાવા ધારાસભ્ય ડેડીયાપાડા

નર્મદા જિલ્લામાં કેટલી લીઝો છે એ તંત્ર ને જ ખબર નથી આ ખનીજ ચોરો પર જિલ્લા વહીવટી તંત્રની મીઠી નજર હોવાનો આક્ષેપ

રાજપીપળા: નર્મદા જિલ્લામાં કુદરતી ખનીજ અઢળક છે અને જે ખુલ્લેઆમ ચોરાઈ રહી છે ત્યારે આ ખનીજ ચોરો પર જિલ્લા વહીવટી તંત્રના ચાર હાથ હોવાનો આક્ષેપ જિલ્લા સંકલન સમિતિમાં ધારાસભ્ય મહેશ વસાવા એ કરતા જિલ્લાના આધિકારીઓમાં સન્નાટો છવાઈ ગયો હતો. જોકે ધારાસભ્ય ડેડીયાપાડા મહેશ વસાવા એ લેખિત માં કેટલાક મુદ્દા પર તપાસ કરવા પ્રભારી સચિવ સામે જિ કલે?ટરને આા છે ત્યારે આ અંગે કેટલી તપાસ થાય છે એ જોવું રહ્યું બાકી ધારાસભ્ય આ માટે ઉગ્ર આંદોલન પણ કરશે

નર્મદા જિલ્લામાં કેટલી લીઝો છે એ તંત્ર ને જ ખબર નથી આ સાથે રેતી, માટી,ગ્રેવલ, બ્લેક ટ્રેપ સહિતની ખનીજ સંપત્તિની ની મોટાપાયે ચોરી થઈ રહી છે છતાં તંત્ર કેમ મૌન સેવી રહ્યું છે અને કેમ કોઈ પગલાં ભરાતા નથી એ સમજાતું નથી આ ખનીજ ચોરો સાથે આધિકારીઓની સાંઠ ગાંઠ હોવાનો ગંભીર આક્ષેપ ધારાસભ્ય મહેશ વસાવા એ કર્યો છે ખાસ કરીને ડેડીયાપાડા સાગબારા માં કેટલા ગામમાં કેટલી લીઝ છે કેટલી કાયદેસર છે એ વહીવટી તંત્રને ખબર નથી એટલે ધારાસભ્ય વિફર્યા અને આગામી સમયમાં જો આ બાબતે કોઈ કાર્યવાહી નહિ કરવામાં આવે તો ઉગ્ર આંદોલન પણ કરવામાં આવશેની ચીમકી પણ આપી

આ સાથે ડેડીયાપાડા સાગબારા માં બોગસ તબીબો વધી રહ્યા છે જે આદિવાસી લોકોના જીવન સાથે ચેડાં કરી રહ્યા છે, આંતરિયાળ ગામોમાં આજે પણ નિયમિત વીજળી આવતી નથી સાથે ડેડીયાપાડા, સાગબારા, સેલંબા તાલુકા મથકો પર મહિલા ઓ પાસે સજીવ ખેતી માટે નાણાં ઉધરાવવા માં આવે છે આ તમામ બાબતે લેખિત રજૂઆત ધારાસભ્ય મહેશ વસાવા એ કરી છે. ત્યારે તંત્ર દ્વારા આ બાબતે શું પગલાં લેવાય છે એ જોવું રહ્યું .

શક્તિસિંહે સીએમ રૂપાણીને ફટકારી નોટીસ

અમદાવાદ

મુખ્યમંત્રી રૂપાણીને માનહાનિનો દાવો કરવા માટેની લીગલ નોટીસ ફટકારી છે. શક્તિસિંહે મુખ્યમંત્રીને ઉત્તર ભારતીયો પર થયેલા હુમલા સંદર્ભે આપેલા નિવેદનને લઈ નોટીસ મોકલી છે. આ નોટીસમાં રૂપાણીને ૨ અઠવાડીયામાં ખુલાસો કરવા માટે તાકીદ કરી છે. આ નોટીસમાં તેમણે લખ્યું છે કે,આપના બેજવાબદાર અને કોઈપણ જાતના આધાર વગરના નિવેદનથી ન પૂરી શકાય એવું નુકસાન થયેલું છે.

આ નોટીસમાં શક્તિસિંહે લખ્યું છે કે, કોઈપણ જાતના પુરાવાઓ ન હોવા છતાં આક્ષેપ કરવા તે મારી પ્રતિષ્ઠાનું ખંડન છે. મારું જીવન હંમેશા સિદ્ધાંતપૂર્વક અને કાયદાથી બંધારણના સંપૂર્ણ પાલન સાથે જોડાયેલું છે. ગુજરાતમાં રાજ્યમાં લાંબા સમય સુધી એક ધારાસભ્ય તરીકે તથા બે મુખ્યમંત્રીના વડપણ હેઠળ એક મંત્રી તરીકે, વિરોધપક્ષના નેતા તરી અને વિરોધપક્ષના મુખ્ય દંડક તરીકે તથા જાહેર હિસાબ સમિતિના ચેરમેન તરીકે ફરજો બજાવી છે. હાલ હું ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા, બિહારના પ્રભારી અને વર્કીંગ કમિટીના મેમ્બર તરીકેની રાષ્ટ્રીય કક્ષાએ મારા પક્ષમાં જવાબદારીઓ ઉઠાવી રહ્યો છું, ત્યારે મારી આ પ્રતિષ્ઠાને અને મારી રાજકીય કારકિર્દીને આપના બેજવાબદાર અને કોઈપણ જાતના આધાર વગરના નિવેદનથી ન પૂરી શકાય એવું નુકસાન થયેલું છે.

થોડા દિવસ પહેલા મુખ્યમંત્રી વિજય રૂપાણી બે દિવસની ઉત્તર પ્રદેશની મુલાકાતે ગયા હતા. આ દરમિયાન તેઓ યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને મળ્યા હતા અને તેમને સ્ટેચ્યૂ ઓફ યુનિટિના અનાવરણ કાર્યક્રમમાં હાજર રહેવાનું આમંત્રણ આપ્યું હતું. આ દરમિયાન મીડિયા સાથે વાતચીત કરતા તેમણે અલ્પેશ ઠાકોર અને શક્તિસિંહ ગોહિલનું નામ લીધા વગર તેમના પર આકરા પ્રહારો કર્યા હતા. તેમજ પરપ્રાંતિયો પર હુમલા પાછળ આ બંને નેતાઓનો હાથ હોવાનો પણ આરોપ મુક્યો હતો. રૂપાણીએ કહ્યું હતું કે, "કોંગ્રેસના એક ધારાસભ્યએ હુમલાઓનું કાવતરું રહ્યું હતું. ચાર રાજ્યમાં ચૂંટણી આવી રહી છે, ઉપરાંત સ્ટેચ્યૂ ઓફ યુનિટિનું અનાવરણ થવાનું છે ત્યારે કોંગ્રેસ વિઘ્નો ઉભા કરી રહી છે. પરંતુ ગુજરાત સરકારે કોંગ્રેસના ષડયંત્રને તોડી પાડ્યું હતું. હાલ ગુજરાતમાં એકદમ શાંતિ છે." રૂપાણીએ કોંગ્રેસના નેતા શક્તિસિંહનું નામ લીધા વગર તેમના નામનો આડકતરો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, " કોંગ્રેસના એક નેતા, કે જેઓ બિહાર કોંગ્રેસના પ્રભારી છે, તેઓ બિહારીઓને રાજ્યમાંથી બહાર કાઢવાની વાત કરી રહ્યા છે."



૩૧મી ઓક્ટોબરે સરદાર જયંતિએ સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણ પૂર્વે રાજ્યના વિવિધ શહેરોમાં એકતા રથ યાત્રાનુ આયોજન આજથી આગામી સપ્તાહ સુધી શરૂ થયુ છે. સુરતમાં આજે સવારે સુરત-પશ્ચિમ વિસ્તારમાંથી એકતા રથ યાત્રાને ધારાસભ્ય પૂર્ણેશ મોદીએ લીલીઝંડી આપી હતી.

સ્ટેચ્યુ ઓફ યુનિટી સરદાર પટેલને ભાવાંજલી આપવા આજે ડાંગમાં એકતાયાત્રા

આજનું અખંડ ભારત સરદાર પટેલની વિશિષ્ટ રાજનૈતિક સુઝબુઝની દેન છે

આહવા

પ્રખર રાષ્ટ્રભક્ત, અખંડ ભારતનાં શિલ્પી, ભારતરત્ન અને પ્રજાવત્સલ રાજપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલનું દેશનાં સ્વાતંત્ર્ય સંગ્રામમાં અને દેશની એકતા-અખંડિતતામાં અમૂલ્ય યોગદાન રહ્યું છે. એક વિરલ વ્યક્તિ તરીકે તેમની લોકપ્રિયતા પ્રશંસનીય હતી. સરદાર વલ્લભભાઈ પટેલનાં સમગ્ર જીવન દરમિયાન વિવિધ સત્યાગ્રહો, કુદરતી આફતોમાં તેમણે કરેલી રચનાત્મક પ્રવૃત્તિઓ, દેશી રજવાડાઓનું વિલીનીકરણ, સમાજની નવરચના, બંધારણનું ઘડતર વગેરે જેવા વિવિધ પ્રસંગોમાં તેમની અસરકારક નેતૃત્વશૈલીનાં દર્શન થયા છે. આવા વિરલ વ્યકિતત્વ માટે સરદાર સરોવર ડેમ સાઈટ પર વિશ્વની સૌથી ઉંચી ૧૮૨ મીટર પ્રતિમાનું નિર્માણ કરવામાં આવ્યુ છે. આ પ્રતિમાના લોકાર્પણ સંદર્ભે ડાંગ જિલ્લામાં સરદાર પટેલને ભાવાંજલી આપવા તા. ૨૦ ઓકટોબરથી એકતાયાત્રા યોજાશે. આ યાત્રા ડાંગ જિલ્લાના ૧૦૪ ગામને આવરી લેશે. જેના આયોજન માટે જિલ્લા વહિવટીતંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે.

દેશી રાજયોનું વિલીનીકરણ સરદાર સાહેબનાં માયાળું સ્વભાવ અને સ્પષ્ટ નીતિના સમન્વયથી દેશનાં ૫૬૨ જેટલા રજવાડાઓનું એકત્રીકરણ થયુ અને દેશની એકતા અને અખંડિતતા વધુ બળવાન બની. તેમણે દેશી રજવાડાઓને ભારત સંઘ સાથે જોડી એક નવા ઈતિહાસનું પ્રભાત પ્રગટાવ્યું હતું. આજનું અખંડ ભારત સરદાર પટેલની વિશિષ્ટ રાજનૈતિક સુઝબુઝની દેન છે.

આજે 'સાહિત્ય સંગમ' માં આર.કે. સ્ટૂડિયો અને રાજ

- નરગીશ - કૃષ્ણાકપૂરના સંગમ વિશે વાત કરાશે

સુરત

'સાહિત્ય સંગમ'ના 'કલ્ચર અડ્ડા' વડા યોજાતા કાર્યક્રમમાં આજે સાંજે ૬-૦૦ વાગ્યે બકુલ ટેલર 'અ ડ્રીમલેન્ડ ઓફ આર.કે. સ્ટૂડિયો એન્ડ એક ઔર સંગમ' વિષય હેઠળ વકતવ્ય આપશે. 'આગ'થી 'હીના' સુધીની ફિલ્મો વડે ભારતીય ફિલ્મોમાં અનન્ય સ્થાન પામનાર રાજકપૂરે જે આર.કે. સ્ટૂડિયોને પોતાની સ્વપ્નભૂમિ બનાવેલો તે હવે વેચવાના આરે છે. આ દરમ્યાન જ રાજકપૂર અને આ સ્ટૂડિયોના શાંત સાક્ષી રહેલા અને એ સમયને જીવનારા કૃષ્ણાકપૂર પણ હમણાં જ વિદાય પામ્યા છે ત્યારે આર.કે. સ્ટૂડિયો અને નરગીસ, રાજકપૂર, કૃષ્ણાકપૂર વચ્ચે રચાયેલા રિયલ સંગમની કથા આ કાર્યક્રમમાં કહેવાશે. સાહિત્ય સંગમ, બાવા સીદ્દીનો ટેકરો, કાજીનું મકાન, પં ચોલીની વાડી સામે યોજાયેલો આ કાર્યક્રમ શનિવાર, ૨૦ મી ઓકટોબર, સાંજે છ વાગ્યે યોજાશે.

આવતીકાલે વલસાડ ખાતે યુનિટી ક્વીઝ યોજાશે

વલસાડ

દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી ગુજરાતના એક પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે રોટરી કલબ દ્વારા વલસાડ શહેરની સામાજિક સંસ્થાઓ, સમાજો, વ્યાપારી મિત્રો તથા વિદ્યાર્થીઓ એક મંચ ઉપર સરદારના જીવન તથા સામાન્ય જ્ઞાનના વિવિધ પ્રશ્નો સાથેની હાઈટેક ક્વીઝનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા તા.૨૧મી ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ સવારે ૯-૩૦ કલાકે રોટરી હોલ, મોંઘાભાઈ હોલની સામે વલસાડ ખાતે યોજાશે. આ સ્પર્ધામાં વિજેતાઓન રોકડ પુરસ્કાર, મેડલ અને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવશે.

વહીવટદાર જાગે ને સાવધાન થાય

જીવન માં વહીવટદાર જરૂરી છે પણ તે પ્રમાણિક હોવો જોઈએ.દાત.ઘરના વડીલ કે મોભી એ વહીવટદાર કહેવાય જે ઘરના સભ્યો પ્રત્યે ની ફરજો સભાનપણે અદા કરી શકે.

એવુંજ સમાજ જીવન માં પણ. હોવું જોઈએ.ચૂંટાયેલા સભ્ય ટી લઈ સરકાર અને તેના કર્મચારીઓ ભલે તે સચિવ,કલેકટર,પ્રાંતઅધિકારી,મામલતદાર કે તેની નીચે નો સ્ટાફ હોય કહેવાય તો તે સરકાર ના વહીવટદાર જ.

જેની પાસે કર્તવ્ય માં પ્રમાણિકતા હોવી જોઈએ જેનો આજના સમય માં અભાવ જોવા મળેછે.અધિકારી ગમેતે હોય પણ હાલ મહદ અંશે પરગજુ ને પ્રમાણિક નહીં પણ સ્વ ની ભાવનાવાળો બનતો જાય છે અને અંતે ભ્રષ્ટાચારી બનતો જાય છે.

કલેકટર કચેરી થી લઈ ,પોલીસ વિભાગ માં હવે પોતે વહીવટદાર મટી પોતાના માટે રાખવામાં આવેલ વ્યક્તિ ને વહીવટદાર કહેવામાં આવેછે.

પોલીસ વિભાગ,રેવન્યુ વિભાગ,ખાણખનીજ વિભાગ,આરટીઓ,ફૂડ એન્ડ ડ્રગ વિભાગ,ઈંડસ્ટ્રીયલ સેફ્ટી વિભાગ,ડીઆઈસી,સિટી એન્જીનીયર,જીપીસીબી અરે તમામ વિભાગો માં અને ખાસ કરી ને પોલીસ વિભાગ માં તો વહીવટદાર બનવાની જાણે હોડ લાગી રહી છે.મલાઈદાર જગ્યાઓ પર પોસ્ટીગ મેળવવા કથિત અપ્રમાણિક રસ્તે વાહીવતદારો સાથે સેટિંગ કરી પોસ્ટિંગ મેળવાય છે ને ખર્ચેલ નાણાં પ્રજા પાસે થી લાંચ ના રૂપ માં વસુલાય છે. રાજ્ય માં હાલતો એન્ટી કરપસન વિભાગ ફરિયાદ મળે કે તરત કામે લાગી જાય છે પણ હજુ તેના કાયદા માં સુધારા ની આવશ્યકતા છે.

વારતહેવારે મોટા અધિકારીઓ ને શુભેચ્છા ના રૂપકડા નામે ભેટ સોગાદો અપાય છે એ પણ ભ્રષ્ટ આચાર જ પપકહેવાય.કેમકે આમ કરવાથી લાગણી કે શહેશરમ માં આવી ખોટા કામો કરવા પડતા હોય છે કે ખોટું ચલાવી લેવા આંખ આડા કાન કરવા પડતા હોય છે.

લાયસન્સ પ્રથા ઓ માં ઓછા સ્ટાફ ને બહાને ઓફિસબેઠાજ ઈન્સ્પેકસન કરી ભેટસોગાદ લેવાતી હોય છે ઉપરોક્ત પરિસ્થિતિ નો ઈલાજ એટલે આપણે આવી ઘુસ પ્રથા થી દુર રહીએ અને જરૂર પડે સરકાર ના એન્ટી કરપસન વિભાગ ને સથવારે આવા લંચિયા ઓ ને જેર કરીયે.

અત્રે રાજ્ય સરકારે પણ જાગૃત થાય અને આવનાર દિવાળી પહેલા અને પછી ના ૧૫ દિવસ તમામ સરકારી કચેરીઓ પર છઝમ ની વોચ મૂકે જેથી ગત વર્ષો ની જેમ આવર્ષે પણ કિંમતી ભેટ સોગાદ આપનાર અને લેનાર વચ્ચે નું અંતર વધે લંચિયા પકડાય અને વહીવટ સાચેજ પારદર્શક બને. ભ્રષ્ટઆચાર ની વધુ વિગત અને વહીવટદારો ના નામ માટે જોતા રહો જંગ એ ગુજરાત અખબાર (૨૦૦૪ થી અવિરત) અને અમારી વેબસાઈટ ***www.jungegujarat.in*** *તેમજ ઈ-પેપર. અમારો સંપર્ક કરવા કોલ કરો ૭૫૭૪૮૮૮૮૬૧ વિગત ઈ મેઈલ કરવા* ***jungegujarwt2004@gmail.com***

એન સી ડી સી ના આંકડા પ્રમાણે સ્વાઈનફ્લૂ થી થયેલા મોત માં ગુજરાત રાજ્ય ત્રીજા સ્થાને છે ત્યારે

આ ઉકાળા વિતરણ સોમવાર, બુધવાર અને શનિવાર ના ત્રણ દિવસ માં ૯૦૦ થી વધુ લોકો એ ઉકાળો પીધો



રાજપીપળા : રાજપીપળા ખાતે આવેલા સરકારી આયુર્વેદ દવાખાના પૈકી નાંદોદ દવાખાના દ્વારા ગત વર્ષ ની જેમ આ વર્ષે પણ સ્વાઈન ફલૂ (સીઝનલ ફલૂ) સામે રક્ષણ મેળવવા અમૃત પેય ઉકાળા નું વિતરણ ચાલુ થયું હતું જેમાં ત્રણ દિવસ માં ૯૦૦ જેવા લોકો એ આ ઉકાળો પીધો હોય સમયાંતરે વિના મુલ્યે અપાતા આ ઉકાળા થી સ્વાઈન ફલૂ જેવા રોગો સામે રક્ષણ મળતું આવ્યું હોય જેના કારણે નર્મદા જિલ્લા માં ચાલુ સીઝન માં એક પણ સ્વાઈનફલુ નો કેશ જોવા મળ્યો નથી બાકી તો કેન્દ્ર સરકારના નેશનલ સેન્ટર ફોર ડીસીજ કંટ્રોલ ના આંકડા મુજબ આ વર્ષે સ્વાઈનફલુ થી સૌથી વધુ મૃત્યુ નોંધાયા છે તેવા રાજ્યો માં ગુજરાત ત્રીજા ક્રમે છે ત્યારે નર્મદા માં નિયામક શ્રી આયુષ ની કચેરી ,ગાંધીનગર પ્રેરિત નર્મદા જિલ્લા પંચાયત આર્યુવેદ શાખા ના માર્ગદર્શન હેઠળ સરકારી આયુ.દવાખાના ,નાંદોદ દ્વારા આ ઉકાળાનું વિતરણ થઈ રહ્યું છે જેનો લોકો ભરપૂર લાભ લઈ રહ્યા છે.

૫૦ હજાર ભારતીયોએ ૨૦૧૭માં અમેરિકાનું નાગરિકત્વ મેળવ્યું

વોશિંગ્ટન

અમેરિકાએ વર્ષ ૨૦૧૭માં ૫૦ હજારથી વધુ ભારતીયોને અમેરિકાનું નાગરિકત્વ આપ્યું છે. જે ૨૦૧૬ની સરખામણીએ ચાર હજાર વધારે છે. આંતરિક સુરક્ષા વિભાગે પોતાના રિપોર્ટમાં કહ્યું કે ૨૦૧૭માં ૫૦,૮૦૨ ભારતીયોએ અમેરિકી નાગરિકતા સ્વીકારી છે.

૨૦૧૬માં અમેરિકાની નાગરિકતા લેનારાઓની સંખ્યા ૪૬,૧૮૮ હતી જે ૨૦૧૮માં ચાર હજારનો વધારો થયો છે. જયારે ૨૦૧૫ની સરખામણીએ અમેરિકાનુ નાગરિકત્વ લેનારા ભારતીયોની સંખ્યા આઠ હજાર વધી છે. ૨૦૧૫માં ૪૨,૨૧૩ ભારતીયોએ અમેરિકી નાગરિતા લીધી હતી. રિપોર્ટ પ્રમાણે ૨૦૧૭માં કુલ ૭,૦૭,૨૬૫ વિદેશી નાગરિકોએ અમેરિકાનું નાગરિકત્વ સ્વીકાર કર્યું છે. નાગરિક્તા મેળવનારા ભારતીયોમાંથી સૌથી વાધારે ૧૨ હજાર જેટલા લોકો કેલિફોર્નિયામાં રહે છે.

તા.૨૧મીએ અંતરરાષ્ટ્રીય આર્ય મહાસંમેલન દિલ્હી અંતર્ગત

ગુરૂકુલ સુપા નવસારીથી વેદ પ્રચાર મિશન વિશ્વ શાંતિ યાત્રા કાર્યક્રમ

નવસારી

અંતરરાષ્ટ્રીય આર્ય મહા સંમેલન દિલ્હી અંતર્ગત મહર્ષિ દયાનંદ જન્મભૂમિ ટંકારા તથા મહર્ષિ દયાનંદ સ્મારક ગુરુકુલ સુપા નવસારીથી અમદાવાદ થઈ દિલ્હી, માનવ કલ્યાણ, વિશ્વ શાંતિ યાત્રાનું આયોજન ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા થયેલ છે. જેમાં ભાગ લેનાર આર્ય સમાજ નવસારી, ગુરુકુલ સુપા નવસારી આર્ય સમાજ સુરત, આર્ય સમાજ ભટાર, આર્ય સમાજ અડાજણ અને દક્ષિણ ગુજરાતના આર્યો ગુરુકુલ સુપા નવસારી ખાતે તા.૨૧/૧૦/૧૮ ના રોજ એકત્રિત થશે. સવારે ૬-૦૦ કલાકે યજ્ઞ અને સવારે ૮-૦૦ કલાકે વિશ્વ શાંતિ યાત્રા માટે પ્રસ્થાન કરશે. કાર્યક્રમના મુખ્યઅતિથિ ધારાસભ્ય શ્રી નરેશભાઇ પટેલ ઉપસ્થિત રહેશે. તેમજ દક્ષિણ ગુજરાત પ્રાંત અર્ય સભાના ઉપપ્રમુખ- આર્ય સમાજ નવસારીના મંત્રી શ્રી હસમુખભાઇ સોની આર્ય અને ગુરુકુલ સુપાના કુલપતિ શ્રી સુરેશચંદ્ર રતનાણી ઉપસ્થિત રહેશે.

ભરૂચની સિવિલ હોસ્પિટલમાં ખિલખિલાટનાં અભાવે માતાઓ બાળક સાથે કલાક સુધી બહાર બેસી રહેવું પડયું



ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ખિલખિલાટની ગાડીના અભાવે ૧ કલાકથી વધુ સમય સુધી નવજાત શીશુઓ સાથે માતાઓ અટવાતી નજરે પડી હતી. હોસ્પિટલ તંત્ર દ્વારા પ્રસુતાને રજા તો આપી દેવાઈ પરંતુ ખિલખિલાટ વાનનાં અભાવે આ માતાઓને હોસ્પિટલનો વોર્ડ છોડી દીધા બાદ લોબીમાં જ કલાકો સુધી બેસી રહેવાની વારો આવતાં અસહ્ય ગરમીના કારણે માત અને બાળકે હાલાકી ભોગવી હતી.

રાજય સરકાર દ્વારા તમામ સરકારી હોસ્પિટલોમાં બાળકનાં જન્મ પછી તેને માતા સાથે પોતાના ઘરે મૂકવા જવાની વ્યવસ્થા બનાવી છે. જેનાં ભાગરૂપે ખિલખિલાટ વાન હોસ્પિટલોને પુરી પાડવામાં આવે છે. આવા સંજોગોમાં ભરૂચ સિવિલ હોસ્પિટલમાં પ્રસુતી થયા બાદ બાળક સાથે માતાઓને રજા તો આપી દેવામાં આવી હતી. પરંતુ ખિલખિલાટ વાન હોસ્પિટલ કેમ્પસમાં ઉપલબ્ધ છેકે કેમ તેની ખાતરી કર્યા વગર જ પ્રસુતાઓને રજા આપી દેવાતાં વોર્ડ છોડી દીધા બાદ બાળકો સાથે માતાને ખુલ્લામાં કલાકો સુધી બેસવાનો વારો આવ્યો હતો.

આ અંગે ખિલખિલાટ વાનના પીએમ ધવલ પારેખને પૂછતાં તેવોએ જણાવ્યું હતું કે,ગુરૂવારે દશેરાની જાહેર રજા હોવાથી શુક્રવારે સવારે માતા અને બાળકને મુકવાના ડ્રોપ કેશ વધારે હોવાથી પ્રથમ આમોદ બાજુના કેશ આવતા તને મુકવા ગયેલ વાનને માતાઓને તેમના ઘર સુધી મૂકીને પરત આવતાં મોડું થવાના કારણે આ માતાઓને તકલીફનો સામનો વેઠવો પડ્યો છે.ત્યાર બાદ ખિલખિલાટ વાન આવતાં માતાઓને તેમના સ્થળ પર મુકવામાં આવ્યા હતાં.રાજ્ય સરકારે ભરૂચ જિલ્લામાં કુલ ૫ ખિલખિલાટ એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી છે.જેમાં સિવિલ હોસ્પિટલ,સેવાશ્રમ, આમોદ આરોગ્ય કેન્દ્ર ખાતે એક તથા ઝઘડિયા સેવા રૂરલ ખાતે બે વાન ફાળવવામાં આવી છે.જેથી માતાઓને કોઈ તકલીફનો સામનો ના કરવો પડે.

ભરૂચના દહેગામ ગામમાં તાલુકા કક્ષાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો




ગ્રામજનોને તેમની સમસ્યાઓને લઈને સરકાર પાસે આવવું ન પડે, પરંતુ સરકાર સ્વયં તેમના પ્રશ્નો અને સમસ્યાના ઉકેલ માટે તેમના દ્વારે થઈ જાય તેવી વ્યવસ્થા ગુજરાત સરકાર દ્વારા સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.જેના ભાગરૂપે ભરૂચની દહેગામ ગામની પ્રાથમિક શાળામાં તાલુકા કક્ષાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો.

દહેગામ ખાતેના સેવાસેતુ કાર્યક્રમમાં આવક, જાતિ, ક્રીમીલેયરને લગતા દાખલાઓ, રેશનકાર્ડને લગતી અરજીઓ, બી.પી.અને ડાયાબીટીસની ચકાસણી માટે હેલ્થ વેલનેસ કાર્ડ, લગ્ન માટે નોંધણી પ્રમાણપત્ર, આધારકાર્ડ, મા અમૃતમ-વાત્સલ્ય કાર્ડ નોંધણી, ૭-૧૨, ૮-અના પ્રમાણપત્રો, પ્રધાનમંત્રી જનધન યોજના અંતર્ગત બેન્કોમાં બચતખાતા ખોલવા માટેની અરજીઓ, વરિષ્ઠ નાગરિકતા તેમજ દિવ્યાંગતા પ્રમાણપત્રો, લર્નિંગ લાયસન્સ, કૃષિ, પશુપાલન, સહકાર, ગ્રામ વિકાસ, પંચાયત,સમાજ કલ્યાણ, આદિજાતિ વિભાગની યોજનાઓ હેઠળના વ્યકતિલક્ષી લાભો માટેની અરજીઓ,વિધવા સહાય તેમજ નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ લાભ મેળવવા માટેની અરજીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

જેનો દહેગામ ગામના અંદાજીત ૧૩૦૦ થી વધુ લાભાર્થીઓએ લાભ લીધો હતો. સેવાસેતુ કાર્યક્રમમાં તાલુકા વિકાસ અધિકારી અર્જુનસિંહ, મામલતદાર પી.ડી.પટેલ,આરોગ્ય શાખાના ડો,કેશવ કુમાર, દહેગામના ઉત્સાહી સરપંચ ઈલ્યાસ પટેલ,જિલ્લા પંચાયતના સભ્ય ફારૂક પટેલ સહિત ગ્રામપંચાયતના સભ્યો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો હજાર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

સુરતના કિલ્લાને હેરીટેજ બનાવવા ફાળવાયેલા ૧૫૦ કરોડમાં અધિકારીઓના કેટલા ?

ભ્રષ્ટ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોના મેળાપીપણાને કારણે કિલ્લાના રિનોવેશનમાં જનતાના રૂપિયા પાણીમાં



મેરીટાઈમ મ્યુઝિયમ હોલ

ઉદઘાટન પહેલા જ દિવાલો પરથી કલર ગાયબ અને ફર્નીચરમાં ઉધઈનો વસવાટ

સુરતઃ સુરત મહાનગરપાલિકાના મેળાપીપણામાં જનતાના કરોડો રૂપિયા કઈ જગ્યાએ વેડફી દેવા તે ભ્રષ્ટ અધિકારીઓ શોધી લે છે. સુરત માથે કરોડો રૂપિયાનું દેવુ હોવા છતાં સુરતના હેરીટેજ પ્રોજેક્ટ અને સ્માર્ટ સિટીને નામે કરોડોના પ્રોજેક્ટો બહાર પાડી અધિકારીઓ જનતાના રૂપિયા ગજવે ઘાલે છે. અને સુરતનું દેવુ વધારી રહ્યા છે.

હાલમાં સુરતના હેરીટેજ પ્રોજેક્ટમાં સુરતના કિલ્લાનો લાલી લિપ્સ્ટિક કરવામાં અંદાજીત ૧૫૦ કરોડનું કામ પાસ કરેલ છે. જેમાં કોન્ટ્રાક્ટર પણ સુરત મહાનગરપાલિકાના અધિકારીઓનો માનીતો જ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જેને કારણે કિલ્લાના કામ માટે બે-ત્રણ અધિકારીઓ સિવાય હાલ બીજા કોઈ અધિકારીને સામેલ કરવામાં આવતા નથી એટલે કિલ્લામાં થતી બેદરકારી ભરેલા કામોના પણ બિલ પાસ કરી દેવામાં આવે છે.

હાલમાં કિલ્લામાં કામકાજ ચાલુ હોવા છતાં થયેલ કામોમાં અંધેર વહીવટો બહાર આવતા દેખાઈ રહ્યા છે. જેમાં કોન્ટ્રાક્ટરે ફર્નીચર બનાવવામાં વાપરેલ લાકડુ અને રૂમોમાં કરવામાં આવેલો કલર ઢંગધડા વગરનો છે. ફર્નીચરમાં વપરાયેલ લાકડું એટલી હદે ખરાબ છે કે હજી તો કામ પૂરુ પણ થયું નથી અને લાકડામાં ઉધઈ થઈ ગઈ છે. અને લાકડું સડવા લાગ્યું છે. અને દિવાલો પર પણ ભેજના કારણે કલર ઉખડવા લાગ્યો છે. હજુ તો કામ પૂરુ પણ થયું નથી અને આ રીતે દીવાલો અને ફર્નીચર બગડવા લાગતું હોય તો આ કોન્ટ્રાક્ટરનું બિલ પાસ થવું જોઈએ નહીં તો પણ અધિકારી અને કોન્ટ્રાક્ટરો લીલા લહેર કરી રહ્યા છે.

હવે જો કામ ચાલુ હોય ત્યારે જ આવી રીતે દીવાલ અને ફર્નીચર બગડી જતું હોય તો આ કિલ્લો કેટલો મજબૂત બનશે તે ખબર નથી પણ આ કિલ્લો હેરીટેજ સાઈટમાં કઈ સામેલ કરી શકાશે તે વિચારવું રહ્યું.

ગેરકાયદે બાંધકામ કરતા બિલ્ડરોને છાવરતા

ભ્રષ્ટ ઝોનલ ચીફ સી. વાય ભટ્ટના જુ. ઇ. બિપીન શાહને પણ આશીર્વાદ?

સુરતઃ સુરત શહેરમાં થતા આડેધડ ગેરકાયદે બાંધકામો બાબતે સુરત મહાનગરપાલિકાના શહેરી વિકાસ ખાતાના અધિકારીઓનો જ મોટો હાથ હોય છે. જેના કારણે બિલ્ડરોને અઢળક લાભ થાય છે.જે લાભનો ૫૦ ટકા હિસ્સો અધિકારીઓને પણ ફાળવવામાં આવે છે. જેથી ગેરકાયદે બાંધકામ અંગે થતી ફરિયાદ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં અધિકારીઓને કોઈ રસ રહેતો નથી.

જેમાં હાલ રાંદેર ઝોનના રાંદેર ગામમાં થયેલ બાંધકામ અંગે રાંદેર ઝોન તેમજ કમિશનર સાહેબને ફરિયાદ થઈ છે. પણ ૩-૪ મહિના થવા છતાં હાલ પણ કોઈ કાર્યવાહી કરાઈ નથી, અને તે બાબતે અગાઉ પણ અખબારોમાં વારંવાર સમાચારો પ્રસિદ્ધ થતા રહ્યા છે. અખબારોમાં રાંદેર ઝોનના ઝોનલ



જુ. ઇ. બિપીન શાહ

ચીફ સી. વાય. ભટ્ટ અને કાર્યપાલક ઈજનેર જયેશ સોલંકી વિશે સ્પષ્ટતા વારંવાર પ્રસિદ્ધ થતી રહે છે જેમાં બાકી રહી જતા જુ. ઈજનેર બિપીન શાહની તો દાદાગીરી પણ સી. વા. ભટ્ટની છત્રછાયાને કારણે વધી ગઇ છે. બિપીન શાહ બેફામ વાણી વિલાસ કરતા રહે છે અને જણાવે છે કે તમે ગાંધીનગર ફરિયાદ કરશો તો પણ અમારું કઈ થઈ શકે તેમ નથી. આવી દાદાગીરી માત્ર ને માત્ર ઝોનલ ચીફ સી. વાય ભટ્ટના છૂપા આશીર્વાદને કારણે જ કરે છે. અધિકારીઓને ગેરકાયદે બાંધકામોની અરજી કરવી નહીં અને અધિકારીઓ પણ ફરિયાદીનો જ નિકાલ કરે છે. આ પ્રકારની ભ્રષ્ટ નીતિ ધરાવતા અધિકારીઓ બેફામ બની ગયા છે. આ અંગે જુ. ઈજનેર બિપીન શાહ તેમજ કા. ઈજનેર અને ઝોનલ ચીફ વિરુદ્ધ ભ્રષ્ટાચાર અંગે ગાંધીનગર ફરિયાદ કરવામાં આવી છે. અને આ અરજીઓનો તાત્કાલિક નિકાલ થાય એવી રજૂઆત કરાઈ છે.

હાલમાં જ રામનગર વિસ્તારની લાઈફ લાઈન હોસ્પિટલમાં આગ લાગી ત્યારે દર્દીઓએ બારીમાંથી કૂદીને જીવ બચાવવો પડ્યો હતો ત્યાર બાદ આ હોસ્પિટલ બિલ્ડીંગની ટેરેસમાં ગેરકાયદે રીતે ફરીથી શરૂ થઈ ગઈ પરંતુ આ હોસ્પિટલ વિરુદ્ધ કોઈ કાર્યવાહી આજ દિન સુધી કરવામાં આવી નથી તો ભ્રષ્ટ ઝોનલ ચીફ સી. વાય. ભટ્ટની છત્રછાયામાં આમ જનતા કેવી રીતે સુરક્ષિત રહેશે ?

ચકચારિત બળાત્કાર હત્યા કેસનો આરોપી અનિલ યાદવના બિહારમાં ટ્રાન્જીટ રિમાન્ડ મેળવાયા

બિહારમાંથી ધરપકડ કરાયેલા નરાધમ અનિલ યાદવને આવતીકાલ સુધી સુરત લવાશે

સુરત

ગત ૭મી ઓક્ટોબરના રાત્રે લીંબાયતના ગોડાદરા વિસ્તારની સોમેશ્વર સોસાયટીમાંથી સાડા ત્રણ વર્ષની માસૂમ બાળકીનું અપહરણ બળાત્કાર અને હત્યાના ગુનામાં શહેર પોલીસે બિહારથી ઝડપી લીધો છે. ટ્રાન્જીટ રિમાન્ડ મેળવી આવતીકાલ સુધી શહેર પોલીસ નરાધમ આરોપીને સુરત લઈ આવશે.

લીંબાયત પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ સોમવારે સાંજે સોમેશ્વર સોસાયટીમાં અનિલ યાદવના રૂમમાંથી મસૂમ બાળકીની હત્યા કરાયેલી લાશ મળી આવતી હતી. ૨૨ વર્ષિય અનિલ યાદવે સાડા ત્રણ વર્ષની બાળકી સાથે બળાત્કાર ગુજારી તેનું ગળુ દબાવી હત્યા કરી નાસી છૂટ્યો હતો. આરોપીનું નામ તથા વતન બિહારનું સરનામુ મેળવી તાત્કાલિક ક્રાઈમ બ્રાન્ચ અને લીંબાયત પોલીસની ટીમ બિહાર વાના થઈ હતી. અનિલ યાદવના ગામમાં શહેર પોલીસે સિવિલ ડ્રેસમાં વોચ રાખી હતી, પરંતુ તે પોતાના ગામ આવ્યો ન હતો સુરત પોલીસ સતત અનિલનો મોબાઈલ લોકેશન અને કોલ ડિટેઈલ ચેક કરી રહી હતી. મોબાઈલના આધારે અનિલને તેના સંબંધીના ગામમાંથી ઝડપી લેવામાં સફળતા મળી હતી. નરાધમ અનિલ યાદવના ટ્રાન્જીટ રિમાન્ડ મેળવીને પોલીસ આવતીકાલ સુધી સુરત આવી પહોંચશે.

પાંડેસરામાં બુટલેગરો વચ્ચે લોહિયાળ જંગ : બુટલેગરની ઘાતકી હત્યા

દારૂનો ધંધો શરૂ કરનાર શંભુને કુખ્યાત બુટલેગર મનોજે રહેંસી નાખ્યો

સુરત

પાંડેસરા પીયૂષ પોઈન્ટ ખાતે દારૂના ધંધાની અદાવતમાં બુટલેગર દ્વારા એક યુવાન ઉપર તલવારના ઉપરાછાપરી ઘા ઝીંકીને કરપીણ હત્યા કરવામાં આવી હતી. બનાવની જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ પાંડેસરા પીયૂષ પોઈન્ટ પાસે કનૈયા ડેરી નજીક પુનીત નગરમાં રૂમ નં. ૧૫૭માં રહેતો શંભુ સૂર્યનારાયણ શેટ્ટી અગાઉ ફર્નિચરનું કામ કરતો હતો. છેલ્લા ચારેક મહિનાથી શંભુ દારૂના ધંધામાં જોડાયો હતો. જેથી હરીફ બુટલેગર મનોજ અને તેના સાથીઓ દ્વારા ગતરાત્રે શંભુને બોલાવી પીયૂષ પોઈન્ટ પાસે તલવારના ઉપરાછાપરી ૭ ઘા ઝીંકીને કરપીણ હત્યા કરવામાં આવી હતી. શંભુ મૂળ ઓરિસ્સાનો ગંજામ જિલ્લાનો વતની છે. શંભુના પરિવારમાં મોટો ભાઈ અને બે બહેનો છે પિતા મેસ ચલાવીને ગુજરાન કરે છે. ગત મોડી રાત્રે મનોજ અને દીપા દલાઈ સહિત અન્ય ઈસમો શંભુની હત્યા કરી નાસી છૂટ્યા હતા. દારૂ ધંધામાં ગત રાત્રે પાંડેસરામાં યુવતી હત્યા થતા પોલીસ અધિકારીઓ દોડતા થયા છે.

અમદાવાદના ચાર વેપારીએ ઠગાઈ કરી

સુરતના વેપારી સાથે રૂા. ૨.૦૩ લાખનું ચીટિંગ

સુરત

નેવું દિવસના વાયદે રૂા. ૨,૦૩,૨૯૯ની કિંમતનો કાપડનો જથ્થો ખરીદી પેમેન્ટના બદલે જાનથી મારી નાખવાની ધમકી આપનાર અમદાવાદના ચાર વેપારી સામે પોલીસ ફરિયાદ થઈ.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ બેગમપુરા રાધાકિષ્ણા ટેક્સટાઈલ માર્કેટમાં દુકાન ધરાવતા મહેન્દ્રકુમાર રામચંદ્ર ચાંદકે આરોપી મનીષ કેવલાની (એમ.કે. એજન્સી) કે.બી. ક્રિએશન કે. હિના, કે. સાંઈ ક્રિએશન (તમામ અમદાવાદના વેપારી) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ નેવુ દિવસમાં પેમેન્ટ કરી દેવાના વાયદે રૂા. ૨,૦૩,૨૯૯ની કિંમતનો ફેબ્રિક્સનું કાપડ ખરીદી પેમેન્ટ કરવાને બદલે ફરિયાદીને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

પાંચ જુગારીઓ ઝડપાયા

સુરત - પલસાણા-ગંગાધરા ગામ પાસે ગોળ કુંડાળુ વાળી તીન પત્તીનો જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીના પગલે પોલીસે દરોડા પાડી ચલથાણાના ધર્મેન્દ્રસિંગ ચૌહામ, સુજીત ચૌહાણ, કમલેશ કાશીપ્રસાદ ચૌહાણ, લલિતકુમાર અને સુશીલ કાશીપ્રસાદ તિવારી વગેરેઓની ધરપકડ કરી હતી. તેઓની અંગઝડતી તથા દાવ પર મુકેલ રકમ મળી કુલ રૂા.૪૫૦૦ની મતા પોલીસે કબજે કરી હતી. પોલીસે તમામને પોલીસ મથકમાંથી જામીન મુક્ત કર્યા હોવાનું પણ જણાવ્યું હતું.

ખેતરમાંથી પાણીના પંપની ચોરી

સુરત,

મહુવા તાલુકાના ઘુમાસીના ગામની નદીના કિનારે આવેલા એક ખેતરમાંથી પાણી ખેંચવાના પંપની ચોરી કરી ત્રણ ઈસમો ફરાર થઈ ગયા હોવાનો બનાવ પોલીસ મથકે નોંધાયો હતો. પોલીસે ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મહુવા તાલુકાના નરોડા પટેલ ફળીયામાં અશ્વિનભાઈ રામાભાઈ પટેલ રહે છે. ગત તા.૨૦મી મેના રોજ રાત્રિના સુમારે ઘુમાસીના ગામના નદીના કિનારે અશ્વિનભાઈના ખેતરમાં પાણી ખેંચવા માટે રાખવામાં આવેલ હોન્ડા કંપનીની રૂા.૫ હજારની કિંમતના પંપની ચોરી કરી વિજય હળપતિ, સુનિલ હળપતિ, દિનેશ હળપતિ ફરાર થઈ ગયા હતા. ખેડૂતે મહુવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જોકે પાંચ મહિના પહેલા થયેલી ચોરીની ફરિયાદ પોલીસે આજે નોંધી હતી.

યુવતીનું ફેક એકાઉન્ટ બનાવી ગંદા-બીભત્સ મેસેજ મોકલાયા

અજાણ્યા સામે ખટોદરા પોલીસ મથકે ફરિયાદ

સુરત

ખટોદરા વિસ્તારમાં રહેતી એક યુવતીના ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. પર ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી ગંદા મેસેજ કરી અંગત ફોટોગ્રાફસ અપલોડ કરી યુવતીને જાનથી મારી નાખવાની ધમકી આપવાનો બનાવ ખટોદરા પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ખટોદરા વિસ્તારમાં એક યુવતી રહે છે. ગત તા. ૮મી ઓગસ્ટથી ૨૮મી ઓગસ્ટ દરમિયાન આ યુવતીના ઈન્સ્ટાગ્રામ તથા આઈડી પર ખોટા અને બોગસ ઈન્સ્ટાગ્રામ તથા આઈડી બનાવ્યા હતા અને આ અજાણ્યા ઈસમો તેના ઉપર ગંદા, બીભત્સ ભાષાનો ઉપયોગ કરી યુવતીના અંગત ફોટોગ્રાફસ અપલોડ કર્યા હતા. આ યુવતીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવતા ગભરાઈ ગયેલી યુવતીએ ખટોદરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈટી એકટ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મહિલા જીમ ટ્રેનરને મારી નાંખવાની ધમકી

સુરત

શાહપોર સરજેજે સ્કૂલ સામે આવેલ બાગઝા હાઉસ પાસે મહિલા જીમ ટ્રેનર પર મુસ્લિમ દંપતિએ જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાનો બનાવ લાલગેટ પોલીસ મથકમાં નોંધાયો હતો. મોપેડ પાર્ક કરવા બાબતે જીમ ટ્રેનર સાથે મુસ્લિમ દંપતિનો ઝઘડો થયો હોવાનું પોલીસે જણાવ્યું હતું. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર નાણાવટ શાહપોર બાગઝા હાઉસના બીજા માળ પર રૂબીનાબાનુ મુઝફ્ફર અલી ચાંદીવાલા રહે છે. ગતરોજ સાંજના સુમારે રૂબીનાબાનુ પોતાનું મોપેડ પાર્ક કરવા જતા હતા. ત્યારે મોહમદ ઝાફર બંદુકવાળા અને તેની પત્ની તસ્લીમાબાનુ મોહમદ ઝાફર વગેરેઓએ તેની સાથે મોપેડ પાર્ક કરવા બાબતે ઝઘડો કરી ગાળા ગાળી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી જીમ ટ્રેનર રૂબીના બાનુને ઘરમાં જતા અટકાવી અવરોધરૂપ બની ફરાર થઈ ગયા હતા.

રિક્ષા ચાલકને માર મરાયો

સુરત - કોસંબા મોટા બોરસરા ગામના દરબાર ફળીયામાં એક રિક્ષા ચાલકને ચાંદીના કડા વડે માર મારી ચાર ઈસમો ફરાર થઈ ગયા હોવાનું કોસંબા પોલીસ મથકે નોંધાયું હતું. રિક્ષા ચાલક સાઈડ આપતો ન હોવાથી તેને માર મારવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું. પોલીસ સૂત્રોના જણાવયા અનુસાર કોસંબા મોટા બોરસરા ગામના દરબાર ફળીયામાંથી પ્રકાશ મનોજભાઈ ખટીક પોતાની ઓટો રિક્ષા લઈને પસાર થતો હતો. ત્યારે કીમ કઠોદરા રોડ આશા ટોકીઝના રહેવાસી મોહન સાંગડીયા, ભગો તતા અન્ય બે ઈસમો મળી કુલ ૪ વ્યક્તિઓએ તુ સાઈડ કેમ આપતો નથી તેમ જણાવી હાથમાં પહેરેલ ચાંદીના કડા વડે હુમલો કરી માર મારી શરીરના માથા તેમજ કપાળના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા.